





## મોડાસા માર્કેટયાર્ડના ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર બારદાનનો અભાવ બતાવી ઘઉંની ખરીદી બંધ કરતા હોબાળો

ગુજરાત રાજ્ય સરકાર ખેડૂતોને તેમના મહામુલા પાકને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખેડૂતો પાસેથી વિવિધ એજન્સીઓ મારફતે ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો શરુ કરી ખરીદી કરી ખેડૂતોના હામી હોવાનો દાવો કરી રહી છે. ભલે પછી ખેડૂતોને તેમના ટેકાના ભાવે ખરીદી કરેલ પાકના રૂપિયા આપવામાં મહિનાઓ જેટલો સમય નીકળી જતો હોય ખેડૂતો પણ મજબૂરીવશ માર્કેટયાર્ડના વેપારીઓ ખેત ઉપજના પાણીના ભાવે ખરીદતા ખેડૂતો ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર ખેત પેદાશ વેચવા મોટી સંખ્યામાં ઉમટતા હોય છે. અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર ઘઉં ભરવાના બારદાન ન હોવાના બહાના હેઠળ ખરીદી બંધ કરતા ખેડૂતોએ ભારે રોષ ફાટી નીકળ્યો હતો. શનિવારે ૨૦૦ થી વધુ ટ્રેક્ટર સાથે મોડાસા માર્કેટયાર્ડના ટેકાના ભાવે ખરીદ કરતા કેન્દ્ર પર ઘઉં લઈને પહોંચતા ખરીદકેન્દ્રના કર્મચારીઓએ બારદાન ન હોવાનું જણાવી ખરીદી બંધ કરતા ખેડૂતોએ ભારે હંગામો કરી હોબાળો મચાવતા સમગ્ર મામલો કલેક્ટર કચેરીએ પહોંચતા કલેક્ટરે ટેકાના ભાવે ઘઉં ખરીદ કરવાનો આદેશ કરતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. મોડાસા માર્કેટયાર્ડમાં શનિવારે જીલ્લાના ખેડૂતો આગલી રાત્રી અને વહેલી સવારે ૨૦૦ થી વધુ ટ્રેક્ટરમાં ઘઉં ભરી ટેકાના ભાવે ખરીદ કરતા કેન્દ્ર પર પહોંચ્યા હતા. ખરીદ કેન્દ્રના કર્મચારીએ ટેકાના ભાવે ખરીદ કરેલા ઘઉં ભરવા માટે બારદાન નો અભાવ હોવાથી ખરીદી સ્થગિત કરવામાં આવી હોવાનું જણાવતા ખેડૂતોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો અને ભારે હોબાળો મચાવતા ખેરીદકેન્દ્ર માર્કેટયાર્ડ અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર પોકારતા વાતાવરણ તંગ બની ગયું હતું. સમગ્ર મામલો જીલ્લા કલેક્ટર કચેરીએ પહોંચતા કલેક્ટરે ટેકાના ભાવે ખરીદ કરતી એજન્સીને ખેડૂતોના ઘઉં ટેકાના ભાવે ખરીદ કરવાનો આદેશ કરતા મોડે મોડે ખેડૂતોના ઘઉં ની ટેકાના ભાવે ખરીદી શરુ થતા ખેડૂતોનો રોષ ઠંડો પડ્યો હતો અને ખેડૂતોએ સરકાર દ્વારા શરુ કરાયેલ ટેકાના ભાવના ખરીદ કેન્દ્રો પર ખરીદીની વ્યવસ્થાનો અભાવના પગલે ખેડૂતોને ભોગ બનવું પડતું હોવાનું જણાવ્યું હતું.

# નાંદોત્રા ગામમાં બુટલેગરોએ એલસીબીના ત્રણ જવાનોને બળજબરીપૂર્વક દારૂ પીવડાવ્યો

### રેડ કરવા ગયેલા પોલીસ જવાનોને માર મારી સમગ્ર રાત્રી ગોંધી રખાયા : પોલીસના જવાનોને દારૂ પીવડાવતા હોય તેવા ફોટા સોશિયલ મિડીયામાં વાયરલ થતાં ચકચાર

પાલનપુર, તા. ૮ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના નાંદોત્રા ગામે ગુરૂવારે રાત્રે બનાસકાંઠા એલસીબીના પોલીસ જવાનો દારૂની રેડ કરવા ગયા હતા. જોકે, ત્યાં બુટલેગરોએ તેમની ઉપર હૂમલો કરી દીધો હતો. જે પૈકી ત્રણ પોલીસ કર્મીઓને બાનમાં લઈ માર મારવામાં આવ્યો હતો. આટલેથી જ ન અટકતાં આ પોલીસ કર્મીઓને બળજબરી પૂર્વક દારૂ પીવા માટે મજબુર કરવામાં આવ્યા હતા. અને મોબાઈલમાં તેમના ફોટા પણ પાડવામાં આવ્યા હતા. આ ફોટા શુક્રવારે રાત્રે સોશિયલ મિડીયામાં વાયરલ થતાં ચકચાર મચી જવા પામી છે. દરમિયાન જવાબી કાર્યવાહીમાં પોલીસે આ ઘટનામાં જુદા જુદા ત્રણ ગૂના નોંધી બે આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે અન્ય શખ્સોને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.





બનાસકાંઠા જીલ્લામાં બુટલેગરો સામે પોલીસ દ્વારા કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં જીલ્લાની એલસીબીની ટીમ દ્વારા દારૂના કેસો કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે. જોકે, ગુરૂવારે રાત્રે દાંતીવાડા તાલુકાના નાંદોત્રા ગામમાં એલસીબીના જવાનોને બુટલેગરોનો કડવો અનુભવ થયો હતો. કદાચ સમગ્ર રાજયમાં પ્રથમ કહી શકાય તેવી ઘટનાની વિગતો એવી છે કે, પાલનપુર એલસીબીના જવાનો ગુરૂવારે રાત્રે નાંદોત્રા ગામે દારૂની રેડ કરવા ગયા હતા. જોકે, ત્યાં બેફામ બનેલા બુટલેગરોએ ત્રણ પોલીસ કર્મચારીઓને ઘેરી લીધા હતા. અને માર મારી સમગ્ર રાત્રિ ગોંધી રાખ્યા હતા. બુટલેગરો આટલેથી જ ન અટકતાં એલસીબીના ત્રણ પોલીસ કર્મીઓને બળજબરી પૂર્વક વિદેશી દારૂ પીવાની ફરજ પાડી હતી. અને તેમના દારૂ પીતા હોય તેવા ફોટા પણ પાડી લીધા હતા. દરમિયાન આ ફોટા શુક્રવારે મોડી રાત્રે સોશિયલ મિડીયામાં વાયરલ થતાં ચકચાર મચી જવા પામી છે.

### ૨૩ શખ્સો સામે પોલીસે ગુનો નોધ્યો

આ ઘટનામાં પોલીસ કર્મીએ દાંતીવાડા પોલીસ મથકે બે જુદી જુદી ફરિયાદ નોંધાવી હતી. જેમાં દુદુસિંહ પનસિંહ વાઘેલા, અભેસિંહ પનસિંહ વાઘેલા, વિક્રમસિંહ પનસિંહ વાઘેલા, રામસિંહ નાથુસિંહ વાઘેલા, નાથુસિંહ રઘસિંહ વાઘેલા, વાલસિંહ નાથુસિંહ વાઘેલા, નારસિંહ બાલસિંહ વાઘેલા, કમલસિંહ મોહબતસિંહ વાઘેલા, સંજયસિંહ નેપાળસિંહ ચૌહાણ, જોન, ઈન્દ્રસિંહ વાઘેલા સહિત અન્ય દસેક વ્યકિતઓ સામે એકબીજાની મદદગારીથી રૂપિયા ૧,૩૦,૦૦૦નો વિદેશી દારૂ પડકવાની કાર્યવાહીમાં અવરોધ કરી હૂમલો કરવાનો પ્રોહિ એકટ ક. ૬૫, ૮૧, ૮૩, ૧૨૦ (૨), ૧૧૬ (બી) મુજબનો ગૂનો તેમજ પોલીસના માણસો અને ગાડીના ડ્રાયવરોને માર મારી ઈજા કરવા બદલ ઈપીકો ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૩૨, ૩૪૨, ૩૫૩, ૨૯૪ (ખ), ૫૦૪, ૫૦૬ (૨) મુજબ ફરીયાદ નોંધાવી હતી. આ ઉપરાંત નાથુસિંહ રઘસિંહ વાઘેલા, સંજયસિંહ નેપાળસિંહ ચૌહાણ અને રામસિંહ નાથુસિંહ ચૌહાણ સામે રૂપિયા ૧૨,૩૦૦નો વિદેશી દારૂનો કેસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### બેખોફ બનેલા બુટલેગરોના ગામમાં પોલીસનું સર્ચ ઓપરેશન

એલસીબીના પોલીસ કર્મચારીઓને બાનમાં લઈ તેમને માર મારી બળજબરીપૂર્વક દારૂ પીવડાવવાની ઘટના બાદ એકશનમાં આવેલી પોલીસે જુદી જુદી ટીમો બનાવી બેખોફ બનેલા બુટલેગરોના ગામ નાંદોત્રામાં શુક્રવારે રાત્રે સર્ચ ઓપરેશન કર્યુ હતુ. જોકે, મોટા ભાગના બુટલેગરો ગામ છોડીને ફરાર થઈ ગયા હતા.

### બે બુટલેગરોની અટકાયત કરાઇ

પોલીસ ઉપર હૂમલો કરનારા સંજયસિંહ નાથુસિંહ ચૌહાણ અને નાથુસિંહ રઘસિંહ વાઘેલાની પોલીસે અટકાયત કરી હતી.

#### લાંચ કેસમાં ઝડપાયેલા

## ડીસાના નાયબ કલેકટરની જામીન અરજી નામંજુર

### ૧.૫૦ લાખની લાંચ કેસમાં નાયબ કલેકટરનો જેલયાત્રા લંબાઈ

ડીસાના નાયબ કલેકટર તાજેતરમાં રૂપિયા ૧.૫૦ લાખની લાંચ લેતા ઝડપાયા હતા. આ કેસમાં એસીબીએ તેમને કોર્ટમાં રજુ કર્યા હતા. જ્યાં કોર્ટે વધુ રિમાન્ડની અરજી ફગાવી હતી. દરમિયાન નાયબ કલેકટરે જામીન માટે રજુ કરેલી અરજી બનાસકાંઠા સેશન્સ કોર્ટના ન્યાયાધીશે નામંજુર કરતાં તેમની જેલયાત્રા લંબાઈ છે.

પાલનપુર સરકીટ હાઉસ ખાતે ડીસાના નાયબ કલેકટર વી. કે. ઉપાધ્યાય રૂપિયા ૧.૫૦ લાખની લાંચ લેતાં ઝડપાઈ ગયા હતા. જે બાદ લાંચિયા અધિકારી ઉપાધ્યાયને પાલનપુરના નવમા એડિશનલ ડ્રિસ્ટીકટ એન્ડ સેસન્સ જજની કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. અને ૨૭ મુદ્દાઓની તપાસ માટે સાત દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જેમાં ન્યાયાધીશે એક દિવસના રિમાન્ડના મંજુર કર્યા હતા.જોકે, ૧ દિવસમાં ૨૭ જેટલા દસ્તાવેજોની તપાસ શક્ય ન હોવાથી ૧ દિવસના રિમાન્ડ પુરા થતાં નાયબ કલેકટરને કોર્ટમાં રજૂ કરી પુનઃ ત્રણ દિવસના રીમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જોકે, કોર્ટે આ અરજી રિજેક્ટ કરી દેતાં તેમને પાલનપુર સબજેલમાં મુકવામાં આવ્યા હતા. દરમિયાન વી. કે. ઉપાધ્યાયે સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજીની સુનાવણી શનિવારે હાથ ધરવામાં આવી હતી. જેમાં ન્યાયાધીશે તેમની જામીન અરજી નામંજુર કરી હતી.

જેના પગલે નાયબ કલેકટરનો જેલયાત્રા લંબાઈ છે. હવે તેઓ જામીન માટે હાઈકોર્ટમાં જશે જોકે, જામીન મળે તે વચ્ચેના દિવસો જેલમાં જ વિતાવવા પડશે.

## પોતાની દીકરીનો પ્રથમ જન્મ દિવસ તરછોડાયેલા અને મંદબુદ્ધિ ધરાવતા લોકોની વચ્ચે ઉજવી સમાજને ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ

અરવલ્લી,તા. ૮ અરવલ્લી જિલ્લાના અંતિસરા ગામના વતની અને હાલ ધનસુરા ખાતે રહેતા કેતનભાઈ પટેલે પોતાની દીકરી હેન્સીનો પ્રથમ જન્મ દિવસ બેટી બચાવો બેટી વધવો ના સૂત્રને સાર્થક કરતા પોતાની દીકરીનો જન્મદિન બાયડ ખાતે આવેલા જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ ખાતે ઉજવ્યો હતો. જય અંબે સેવા આશ્રમ ટ્રસ્ટ પંથકના સમાજના તરછોડાયેલા લોકો માટે આશ્રય સ્થાન છે. આ આશ્રમમાં હાલ ૨૯ મહિલાઓ, ૪ પુરુષો આશ્રય લઈ રહ્યા છે. ત્યારે ધનસુરા ગામના કેતનભાઈ પટેલને બે દીકરીઓ છે. તેઓ બેટી બચાવો બેટી વધવોના સૂત્રને સાર્થક થાય એ માટે પોતાની દીકરીનો ઉત્સાહભેર જન્મદિન પોતાના પરિવાર સાથે આ તરછોડાયેલા લોકો સાથે ઉજવ્યો હતો. અને સમાજ ને ઉત્તમ ઉદાહરણ પૂરું પડ્યું હતું. તેમના આ કાર્ય ને લોકો એ આવકાર્યું હતું અને સરાહના કરી હતી. આ જન્મ દિવસની ઉજવણીમાં જાયન્ટ્સ ગ્રુપ મોડાસા રાહ ફાઉન્ડેશન પણ સહભાગી થયું હતું. આ પ્રસંગે સામાજીક કાર્યકર નિલેશભાઈ જોશી, (મોડાસા), અમિતભાઈ કવિ (જિલ્લા એસએસએ કો ઓર્ડીનેટર), જય અંબે આશ્રમના ટ્રસ્ટી વી.એમ. પટેલ, રમેશભાઈ ગજ્જર, જય અંબે આશ્રમના મંત્રી વિરલભાઈ પટેલ (બાયડ), બાયડ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ વરૂણભાઈ પટેલ, અરવલ્લીના વરિષ્ઠ પત્રકાર પ્રવીણભાઈ પટેલ, મોઈનખાન બલોચ (બાયડ) ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્ય ની ઉપસ્થિત લોકોએ સરાહના કરી હતી.





## બાકી કરવેરા પેટે પાલનપુર નગરપાલિકાએ ત્રણ ટાવર સીલ કર્યા

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાએ કડક વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરાઈ છે. ત્યારે આજે પાલિકા દ્વારા વધુ ૩ મોબાઈલ ટાવર સીલ કરાયા હતા.

પાલનપુર નગરપાલિકા દ્વારા ૨,૬૪,૧૩૨ રૂપિયાના બાકી વેરા પેટે ટાવર વિજન ઈન્ડિયાના સુખબાગરોડ, સલેમપુરા દરવાજા બહાર અને ગઠામણ દરવાજા વિસ્તાર સ્થિત ત્રણ ટાવર સીલ મારવામાં આવ્યા હતા.

પાલનપુર નગરપાલિકા દ્વારા વારંવારની નોટિસો છતાં રકમ ન ભરાતા પાલિકાએ લાલ આંખ કરી ત્રણ મોબાઈલ ટાવરને સીલ કર્યા હતા.



### હિન્દૂ યુવા વાહીની દ્વારા બાયડમાં ઠંડા પાણીની પરબનો પ્રારંભ

ઉનાળાની શરૂઆત થતાની સાથે જ સૂર્યદેવતા આકરો મિજાજ દાખવી રહ્યા હોવાથી લોકો ગરમીથી અકળાયી તોબા પોકારી ઉઠ્યા છે. જ્યારે હિન્દૂ યુવા વાહીની અરવલ્લી દ્વારા બાયડમા ગાબટ રોડ ઉપર ઠંડા પાણીની પરબનો પ્રારભં કરવામા આવ્યો હતો, જેથી આસપાસના રહીશો તેમજ રાહદારીઓમાં આનંદ છવાયો હતો. આ પ્રસંગે યુવા અધ્યક્ષ હર્ષ પંડયા, જયકિશન ભટ્ટ, રોશન ચૌધરી, મિત બારોટ તેમજ અન્ય સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



### ખેડબ્રહ્મા તાલુકામાં યોજાયો ગુણોત્સવ

કુલ-૧૭૮ પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ યોજાઈ ગયો. જેમાં તાલુકા પ્રા.શિ. એમ.વી. પટેલ અને પીયુષકુમાર બી. જોશીના જણાવ્યા પ્રમાણે ૪૮ શાળાઓમાં બાહ્ય મુલ્યાંકન જયારે ૧૩૦ પ્રા. શાળાઓમાં સ્વમુલ્યાંકન કરવામાં આવ્યું. આ પ્રસંગે રાજ્યકક્ષાના (ડીએસ) ડી.બી. પરમાર ઈન્ડસ્ત્રીઝ એન્ડ માઈન્સ ડીપાર્ટમેન્ટ તથા (યુએસ) એન.કે. વાઘેલા એગ્રીકલ્ચર એન્ડ કો.ઓ. ડીપાર્ટમેન્ટ કુલ-૪ શાળાઓનું બાહ્ય મુલ્યાંકન કર્યું. બાળકોની શૈક્ષણીક ગુણવત્તા ચકાસી શુભાશિષ આપ્યા. જીલ્લાકક્ષાના ૨૨ અધિકારી દ્વારા કુલ-૪૪ પ્રા. શાળાઓનું બાહ્ય મુલ્યાંકન કરવામાં આવ્યું. જેમાં પ્રાયોજના વહીવટદાર વી.વી. કોટડ, આરોગ્ય અધિકારી ડો. ફેન્સી, સિવિલસર્જન, ઉપેરીયા જેવા વરિષ્ઠ અધિકારીઓએ બાળકોનું મુલ્યાંકન કરી આશીર્વચન આપ્યા.

### આનંદીબેન પ્રેમુભાઈ ઠાકર હાઈસ્કૂલ ગાંઠીઓલના મુખ્યદાતા આનંદીબેન દેવલોક થયાં

ઈડર તાલુકાના ગાંઠીઓલ હાઈસ્કૂલના મુખ્ય દાતા આનંદીબેન પ્રેમુભાઈ ઠાકર લાંબી માંદગીના કારણે ગુરૂવારે મુંબઈ હોસ્પિટલમાં છેલ્લા શ્વાસ લઈ દેવલોક થયાના સમાચાર જાણી ગાંગીઓલ-બ્રહ્મપુરી મેસણ-કુવાવા-ચિત્રોડા-પોશીના-મોટાકોટડાના સૌ ભાવીક ભક્તજનો સ્નેહીજનોએ દુઃખની લાગણ વ્યક્ત કરી હતી. સ્વ. આનંદીબેન ઉદાર અને ખૂબજ નિખાલસ. આનંદીબેન જેવુ નામ તેવો સ્વભાવ. આનંદી હતો. ઉમદા-સરળ સ્વભાવના કારણે પ્રેમુભાઈ ઠાકરના રાહબળ રહી સતત માર્ગદર્શક હતા. શ્રીમદ જેસીંગબાપાના ચુસ્ત અનુયાયીના કારણે મુંબઈનો વ્યવસાય છોડીને વતનમાં ૪૦ વર્ષથી સ્થાયી બન્યા હતા.

## અરવલ્લી જિલ્લાના આરોગ્યલક્ષી પડતર માંગણી પરત્વે તાકીદે રાજ્ય સરકાર નિર્ણય કરે : પારઘી

અરવલ્લી, તા. ૮ આજરોજ વિશ્વ આરોગ્ય દિન નિમિત્તે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ ભિલોડા કોટેજ હોસ્પિટલ ખાતે આયોજીત કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં રાજેન્દ્ર પારઘીએ જણાવેલ કે, આરોગ્ય અને પરીવાર કલ્યાણ હસ્તકના પ્રોગ્રામ જેવા કે, ચિરંજીવી યોજના, મુખ્યમંત્રી અમૃતમ યોજના, રોગ કલ્યાણ યોજના, બાળ સખા યોજના, મમત તરૂણી યોજના, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના, જનની સુરક્ષા યોજના, સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ વિગેરે યોજનાઓનો લાભ અરવલ્લી જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં મળી રહે તેના ઉપર ભાર મુક્યો હતો તેમજ આરોગ્યલક્ષી યોજનાઓ પ્રચાર-પ્રસાર જિલ્લામાં વધુને વધુ થાય જેથી લોકોને તેની જાણકારી મળી રહે અને યોજનાઓ અમલીકરણ સફળ થાય.

વધુમાં રાજેન્દ્ર પારઘીએ વિશ્વ આરોગ્ય દિન નિમિત્તે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારમાં મોડાસા ખાતે સિવિલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજ આપવા અંગે વારંવાર રજુઆત કરવામાં આવેલ છે છતાં આજ દિન સુધી હકારાત્મક અભિગમ દાખવેલ નથી. જેના કારણે જિલ્લાની ગ્રામીણ પ્રજાનો ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવી પડે છે જે માટે અમદાવાદ-હિંમતનગર સુધી જવું પડે છે. ભિલોડા ખાતે કોટેજ હોસ્પિટલ ખાતે આધુનિક મશીનરી ઘણા લાંબા સમયથી ધુળ ખાઈ પડેલ છે પરંતુ સ્ટાફના અભાવને કારણે તેનો લાભ દર્દીઓને મળતો નથી. નવરચિત જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી પુરતુ મહેકમ હાલ સુધી મંજૂર કરવામાં આવેલ નથી અને તેમજ તાલુકા કક્ષાએ તબીબી અધિકારીઓ અને ટેકનીશીયનની જગ્યાઓ ખાલી છે. જે ભરવા અવારનવાર રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ રાજ્ય સરકાર નિર્ણય લેતી નથી જેને કારણે દર્દીઓને તકલીફ વેઠવી પડે છે. જે દુઃખદ બાબત કહેવાય. વધુમાં વિજયનગર, ભિલોડા-શામળાજી આદીવાસી વિસ્તારના લોકોને તાત્કાલીક સારવાર મળી રહે તે માટે ભિલોડા ખાતે ટ્રોમા સેન્ટર આપવા વારંવાર રજુઆત કરવામાં આવેલ છે પરંતુ આજદિન સુધી નિર્ણય લેવામાં આવેલ નથી. મુખ્યમંત્રી દ્વારા જાહેરાત કરવામાં આવે છે કે રાજયમાં ટ્રાયબલ વિસ્તારની તમામ હોસ્પિટલને મલ્ટી સ્પેશીયાલીસ્ટ બનાવવામાં આવશે પરંતુ જેનો અમલ લાંબા સમય સુધી જિલ્લામાં થયેલ નથી જે દુઃખદ બાબત છે. આગામી સમયમાં જિલ્લાની ગ્રામીણ વિસ્તારમાં લોકોને આરોગ્યલક્ષી તમામ સેવા મળી રહે તે માટે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી તરફથી રાજ્ય સરકારમાં પુનઃ રજુઆત કરવામાં આવશે તેમ રાજેન્દ્ર પારઘીએ અખબારી યાદીમાં જણાવેલ છે.